**પરિપત્ર**

**(અગત્યનું)**

નં.અજાક/શાળા-જાતિ.પ્ર./2024/ 146

અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી-6, બહુમાળી ભવન, નાનપુરા,
સુરત
તા.08/01/2024

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
સુરત

**વિષય:-અનુસૂચિત જાતિના ધો-10 અને 12ના વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત મોકલી આપવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:-અજપ/102010/363446/હ, તા.02/08/2010 મુજબ ધો-10 અને 12 ના વિદ્યાર્થીઓને બોર્ડના પરિણામની સાથે જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની જોગવાઇ કરેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ-2023/24 દરમ્યાન ધો-10 અને 12 માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ (S.C.)ના વિદ્યાર્થીઓની અરજીઓ જરૂરી આધાર-પુરાવાઓ સાથે અત્રેની કચેરીએ **તા.29/02/2024** સુધીમાં મળી જાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

શાળાઓએ જાતિ દાખલાની દરખાસ્ત/ફાઇલ તૈયાર કરતી વખતે નીચે મુજબની કાર્યપધ્ધતિ/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. **જાતિ દાખલાના અરજી ફોર્મ:-**
   અત્રેની કચેરીએ શાળાના પ્રતિનિધી મારફત માંગણીપત્ર રજૂ કર્યેથી અરજી ફોર્મ આપવામાં આવશે.
2. **અરજી ફોર્મ સાથે રજૂ કરવાના પુરાવાઓ:-**
   - **બોનોફાઇડ સર્ટીફિકેટ:-**
     - (નામ, જન્મસ્થળ, જન્મ તારીખ, પેટાજાતિ, જી.આર.નંબર વગેરે પૂરેપુરી વિગતો બોનોફાઇડ સર્ટીફીકેટમાં દર્શાવવી)
   - **પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર :-**
     - સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:-અજપ/102012/400118/હ, તા.05/01/2013 ની જોગવાઇ મુજબ પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર ફરજિયાત છે સિવાય કે પિતા અભણ હોય. જો પિતા અભણ છે તેવી રજૂઆત વિદ્યાર્થી કે વાલી તરફથી મળે તો અભણ હોવા અંગેના પુરાવા સામેલ રાખવા.
     - પિતા અભણ હોવાના કિસ્સામાં કાકા/ફોઇ/દાદાના શાળા છોડયાના પ્રમાણપત્રો તથા તલાટીશ્રીનું પેઢીનામું (દાદા કે પરદાદાના નામથી લઇ અરજદારના નામ સુધી) સામેલ રાખવું ફરજિયાત છે.

**ઓળખનો પુરાવો :-**

- આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/પાનકાર્ડ

**રહેઠાણનો પુરાવો :-**

- રેશનકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ પૈકી કોઇપણ બે પુરાવા સુરત જીલ્લાના રજૂ કરવાના રહેશે.

**નામ કે અટકફેરનું ગેઝેટ :-**

- અરજદાર, પિતા, દાદા, કાકા કે ફોઇના નામ કે અટકમાં વિસંગતતા હોય તેવા કિસ્સામાં

**સોગંદનામું :-**

- જન્મસ્થળ કે અભ્યાસની સ્પષ્ટતા, જાતિફેર, નામફેર, અટકફેર, અરજદાર/પિતા/દાદા/કાકા/ફોઇ અભણ હોય તેવા કિસ્સાઓમાં તથા સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તેવા કિસ્સાઓમાં

**તલાટીશ્રીનું પેઢીનામું :-**

- પિતા અભણ હોય અથવા કાકા/દાદા/ફોઈના એલ.સી. રજૂ કર્યા હોય અને જાતિ કે વસવાટની વધુ સ્પષ્ટતા માટે અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તેવા કિસ્સાઓમાં (દાદા કે પરદાદાના નામથી લઈ અરજદારના નામ સુધી)

**અન્ય પુરાવાઓ**

- જન્મસ્થળ, જાતિ-પેટા જાતિ કે મૂળ વસવાટની વધુ સ્પષ્ટતા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તેવા કિસ્સાઓમાં)

**3. દરખાસ્ત/ફાઇલ તૈયાર કરવાની પધ્ધતિ:-**

- દરખાસ્ત ફાઇલમાં નીચે મુજબના ક્રમમાં ડૉક્યુમેન્ટ ફાઇલીંગ કરવા
  1) શાળાનો ફોર્વર્ડિંગ લેટર
  2) પત્રક-1 (આ સાથે સામેલ છે)
  3) વિધાર્થીઓના અરજીફોર્મ
- અરજી ફોર્મના પાનાં નં.3 પર રજૂ કરવાના આધાર-પુરાવાની વિગતો દર્શાવેલ છે તેમજ ઉક્ત ક્રમ નં.2 "અરજી ફોર્મ સાથે રજૂ કરવાના પુરાવાઓ" શીર્ષક હેઠળ પુરાવાઓની વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે જે મુજબ પુરાવાઓ સામેલ રાખવા
- વિધાર્થીઓ તરફથી મળેલ અધૂરું ફોર્મ અત્રેની કચેરીએ મોકલવું નહીં.
- અરજીફોર્મ તમામ સાધનિક કાગળો સહિત પરિપૂર્ણ થયા બાદ ફોરવર્ડિંગ લેટર સાથે શાળા મારફત મોકલી આપવાનું રહેશે. વિધાર્થી કે વાલીઓ મારફત કોઇપણ દરખાસ્ત અત્રે મોકલવી નહીં.
- જાતિ પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનું હોય તમામ વિધાર્થીઓના **60 kb થી ઓછી સાઈઝના jpg/jpeg નમૂનામાં પાસપોર્ટ સાઈઝના ફોટા અલગથી પેનડ્રાઈવમાં** અત્રેની કચેરીએ રૂબરૂ જમા કરાવવા રહેશે.

- અગાઉ કેટલીક શાળાઓ મારફત આપવામાં આવેલ બોનાફાઇડ સર્ટીફિકેટ ખૂબ જ નાની સાઇઝ (A/4 સાઈઝના એક પેપરમાં ચાર બોનોફાઇડ) ના હતા, કેટલીક શાળાઓના બોનાફાઇડ સર્ટીફિકેટ જાહેર ખબર (લીફ લેટ) માટે વપરાતાં અત્યંત પાતળા ખરાબ ક્વોલિટીના પેપરમાં હતા આવા અત્યંત નાના અને ખરાબ ક્વોલિટીના બોનાફાઇડ સર્ટીફિકેટ સ્વીકારવામાં આવશે નહીં.
- અરજી સાથે રજૂ કરેલ તમામ ડોક્યુમેન્ટ પ્રમાણિત કરેલ હોવા જોઇશે તેમજ અરજી ફોર્મના છેલ્લા પાને આચાર્યશ્રીના સહી સિક્કા કરાવવાના રહેશે.
- અરજી ફોર્મ સાથે માત્ર શાળાનું બોનાફાઇડ સર્ટીફિકેટ અસલ સામેલ રાખવું અન્ય કોઇપણ વિધાર્થી કે વાલીનું અસલ ડોક્યુમેન્ટ અત્રેની કચેરી મોકલવું નહીં  સિવાય કે અત્રેની કચેરી દ્વારા કે અધિકારીશ્રી દ્વારા અસલ ડૉક્યુમેન્ટ ખરાઇ સારૂ રજૂ કરવા જણાવવામાં આવે.
- આ પત્ર સાથે અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ જાતિઓની યાદી સામેલ છે જે મુજબ વિધાર્થી તથા તેના પિતા, કાકા, ફોઇ, દાદાની પેટાજાતિ એક જ સમૂહમાં આવતી હોવી જરૂરી છે. જો તે અલગ-અલગ (દા.ત.મેઘવાળ-રોહિત) હોય તેવા કિસ્સાઓમાં પિતા ઉપરાંત કાકા/ફોઇ/દાદા પૈકી ઓછામાં ઓછા બે વ્યક્તિઓના શાળા છોડયાના પ્રમાણપત્રો રજૂ કરવા તથા વિધાર્થી (અરજદાર) અને  કાકા/ફોઇ/દાદા વચ્ચેના સંબંધ સ્થાપિત કરવા સક્ષમ અધિકારીશ્રી/તલાટીશ્રીનું પેઢીનામું રજૂ કરવું.

**4. નીલ રીપોર્ટ:-**

- જે શાળામાં ધો-10 અને 12 ના જાતિ પ્રમાણપત્ર મેળવવાપાત્ર એકપણ રેગ્યુલર કે એકસટર્નલ અનુસૂચિત જાતિના વિધાર્થીઓ ન હોય તેવી શાળાઓએ **<u>"NIL"</u>** રિપોર્ટ અત્રેની રજૂ કરવાનો રહેશે.

**5. અરજી ફોર્મની ગોઠવણી:-**

- અરજી ફોર્મમાં નીચે મુજબના ક્રમમાં ડૉક્યુમેન્ટની ગોઠવણી કરવાની રહેશે.
    1) ઓનલાઇન અરજીફોર્મની પ્રિન્ટ (વિધાર્થીની સહી કરાવવી)
    2) અરજીફોર્મ (અત્રેની કચેરીનું ફિઝીકલ ફોર્મ)
    3) શાળાનું બોનાફાઇડ સર્ટીફિકેટ (અસલમાં)
    4) પિતાનું એલ.સી.ની પ્રમાણીત નકલ
    5) કાકા/ફોઇ/દાદાના એલ.સી.ની પ્રમાણીત નકલ (જો હોય તો)
    6) પિતા/કાકા/ફોઇ/દાદા/ભાઇ/બહેનના જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો હોય તો)
    7) રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ)
    8) ઓળખનો પુરાવો
    9) ગેઝેટ, સોગંદનામું કે પેઢીનામું (જો લાગુ પડતું હોય તો)
    10) અન્ય પુરાવા

અત્રેથી આપના મારફત આપવામાં આવતા પ્રમાણપત્રો બોનાફાઇડ સર્ટીફિકેટ આધારે આપવામાં આવે છે જેથી વિધાર્થીઓના શાળા છોડયાના પ્રમાણપત્રોની પાછળ

નોંધ કરી આચાર્યશ્રીએ સહી/સિક્કો કરવાનો રહેશે તથા ધો-10 અને 12 ના પરિણામ બાદ તમામ વિદ્યાર્થીઓના શાળા છોડયાના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો યાદી સાથે લેખિત પત્ર સાથે બિનચૂક મોકલી આપવાની રહેશે.

શાળા મારફત જાતિ દાખલાનું સદરહુ અભિયાન સરકારશ્રીની ઉક્ત દર્શાવેલ સૂચના મુજબ છે અને કલેક્ટરશ્રી દ્વારા આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સહીત નિયમિત રિવ્યુ લેવામાં આવતો હોય જાતિ દાખલાની દરખાસ્ત કરતા સમયે ઉપરોક્ત તમામ સૂચનાઓનો ચુસ્ત પણે પાલન કરવું તથા દરખાસ્ત બાબતે કોઇપણ પ્રશ્ન હોય તો અત્રેની કચેરીનો સંપર્ક સાંધવો.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:-

1) માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ
2) મે. કલેક્ટરશ્રી, સુરત તરફ જાણ સારૂ
3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ વેબસાઇટ પર પરિપત્ર મૂકવા સારૂ

# પત્રક-૧

## વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન ધો-૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના જાતિ દાખલા માટેનું

## દરખાસ્ત પત્રક

| | | | |
|---|---|---|---|
| શાળાનું નામ | | શાળાનું સરનામું | |
| આચાર્યશ્રીનું નામ | | શાળાનો ફોન નંબર | |
| આચાર્યશ્રીનો મો.નં. | | સબંધિત કર્મચારીશ્રીનો મો.નં. | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામું | પિતા/વાલિનો મો. નં. | ધોરણ/વર્ગ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટા જાતિ | વડવાઓનું મૂળ વતન | ધર્મ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે. પત્રક-૧ સિવાય અમારી શાળામાં વર્ષ-૨૦૨૩-૨૪ માં ધો-૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના કોઇ વિદ્યાર્થી નથી.

તારીખ:-          તૈયાર કરનારનું નામ/હોદ્દો/સહી          આચાર્યશ્રીનું નામ/હોદ્દો/સહી

# ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી

| અ.નં. | જાતિનું નામ |
| --- | --- |
| ૧ | અગેર |
| ૨ | બાકડ, બાન્ટ |
| ૩ | બાવા-ઢેડ, ઢેડ સાધુ, વણકર-સાધુ, હરિજન-બાવા |
| ૪ | ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરાલય્યા, હારાલી ખાલપા, માચીગર, મોચીગર, મદાર, માદીગ, મોચી (ફક્ત ડાંગ જિલ્લાના તથા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના), નાલીયા, તેલુગુ મોચી, કામટીમોચી, રાનીગર, રોહીદાસ, રોહીત, સામગર, ચમાર-રવિદાસ) |
| ૫ | ભંગી, મેહતર, ઓળગણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, બાલ્મીકી, કોરાર, ઝાડમલ્લી, બારવાશીઆ, બારવાસીઆ, જામફોડા, ઝામ્પાડા, ઝામ્પડા, રૂશી, વાલ્મીકી. |
| ૬ | ચલવાડી, ચન્નાય્યા |
| ૭ | ચેનાદસાર, હોલાયા દસાર |
| ૮ | ડાંગશિઆ |
| ૯ | ઢોર, કકાય્યા, કંકાય્યા |
| ૧૦ | ગરમાતંગ |
| ૧૧ | ગરોડા, ગરો, હિન્દુ ગરોડા બ્રાહ્મણ, ગરવા |
| ૧૨ | હલ્લીર |
| ૧૩ | હલસર, હસલર, હુલાસ્વર, હલસ્વર |
| ૧૪ | હોલાર, વલ્હા |
| ૧૫ | હોલાયા, હોલર |
| ૧૬ | લીંગાદર |
| ૧૭ | મહાર, તરાલ, ઢેગુમેગુ |
| ૧૮ | માહયાવંશી, ઢેડ, ઢેઢ, વણકર, મારૂ વણકર, અંત્યજ |
| ૧૯ | માંગ, માતંગ, મીનીમાડીગ |
| ૨૦ | માંગ, - ગારૂડી |
| ૨૧ | મેઘવાલ, મેઘવાળ, મેઘવાર, જાડેજા મેઘવાળ,મહેશ્વરી મેઘવાળ, વણકર મેઘવાળ, ચારણ મેઘવાળ, ગુર્જર મેઘવાળ |
| ૨૨ | મુકરી |
| ૨૩ | નાડીયા, હાડી |
| ૨૪ | પાસી |
| ૨૫ | સેન્વા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, સેનમા |
| ૨૬ | શેમાલીયા |
| ૨૭ | થોરી |
| ૨૮ | તિરગર, તિરબંદા |
| ૨૯ | તુરી |
| ૩૦ | તુરીબારોટ, ઢેડ બારોટ |
| ✣ ૩૧ | બલાહી, બલાઈ |
| ✣ ૩૨ | ભંગી, મેહતર |
| ✣ ૩૩ | ચમાર |
| ✣ ૩૪ | ચીકવા, ચીકવી |
| ✣ ૩૫ | કોલી, કોરી |
| ✣ ૩૬ | કોટવાલ (ભીંડ, ધાર, દેવાસ, ગુના, ગ્વાલીયર, ઈન્દોર, ઝાબુઆ, ખારગોણે, માન્ડસર, મૌરેના, રાજગાર્હ, રતલામ, શાજાપુર, શીવપુરી, ઉજ્જૈન અને વીડીશા જિલ્લાઓમાં) |

પ્રાપ્તસ્થાન : ભારતીય બંધારણના અનુસુચિતજાતિ અને અનુસુચિત જનજાતિઓના હુકમ (સુધારો) ૧૯૭૬ અને ૨૦૦૨ને કાયદો

✣ (૩૧ થી ૩૬) - સરદાર સરોવર યોજનાના કારણે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાંથી વિસ્થાપિત થઈ ગુજરાત રાજ્યમાં વસવાટ કર્યો હોય તેવા.

સરકારી મુદ્રણાલય, ભાવનગર.